આનંદાલય

अर्धवार्षिक मूल्यांकन कसोटी

ધોરણ – ૭

विद्या सर्वार्थ साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦

તા : ૧૭.૦૯.૨૦૨૨ | સમય : ૧ કલાક

નામ ______________________ ધોરણ: __________ ક્રમાંક : __________

પ્ર . ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો .

૧ વાંદરાભાઈનું પુછડું થડમાં કેવી રીતે ફસાઈ ગયું ? (૨)

| |
|---|
| |
| |
| |
| |
| |
| |

૨ વૃદ્ધ કાગડાએ ઘુવડોના રાજાને શું કહ્યું ? (૨)

| |
|---|
| |
| |
| |
| |
| |

પ્ર . ૨ નિર્દેશ પ્રમાણે લખો

અ સમાનાર્થી શબ્દ આપો . (૪)

| | | |
|---|---|---|
| ૧ | શરણ | |
| ૨ | દેવાલય | |
| 3 | રોગી | |
| ૪ | ઝુંડ | |

બ વિરોધાર્થી શબ્દ આપો (૪)

| | | |
|---|---|---|
| ૧ | ફાયદો | |
| ૨ | ક્યારેક | |
| ૩ | સાક્ષર | |
| ૪ | છીછરો | |

પ્ર . ૩ અ . ખાલી જગ્યા પૂરો . (૨)

૧ બકરો અમસ્તો જ ____________ થી કૂવામાં પડી ગયો .

૨ ____________ એ એક મોટા ઝાડનું થડ વહેરવા માંડ્યુ .

બ . નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો . (૨)

૧ ઘુવડોના રાજાને તેની પ્રજાની ચિંતા થવા લાગી .

૨ હિંદમાતાને દેવભૂમિ કહી છે .

પ્ર . ૪ નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ આપો (૪)

એક ડોશીમા એક નાના ઘરમાં રહી પોતાનું ગુજરાન ચલાવતા. એમનો સ્વભાવ ઘણો જ માયળુ હતો. ગામમાં સૌ એમને જાણતા હતા. ડોશીમા પણ ગામના સૌ પ્રત્યે ખુબ જ પ્રેમ રાખતા.અરે, ડોશીમા તો પશુ -પક્ષીઓને પણ પ્રેમથી જ નિહાળતા. તેઓ એટલા બધા ભોળા હતા કે ઘણીવાર , કોઈક એમને કહેતા" માજી, આ દુનિયામાં બધા જ ભોળા ના હોય અને એથી તમો સાવધાન રહેજો." ત્યારે ડોશીમા એમને ઠંડા હૈયે શાંતીથી કહેતા "ઉપરવાળો મારી સંભાળ રાખશે !"

ઠંડીની ઋતુ ચાલી રહી હતી , અને આ વર સે બરફ પણ ખુબ પડ્યો હતો. ડોશીમા ધીરે ધીરે બરફ પર ચાલતા ચાલતા રસ્તો કાપતા હતા. ત્યાં અચાનક એમણે એક સાપને નિહાળ્યો. ઠંડીમાં સાપનું શરીર ધ્રુજતું હતું. એ જરા પણ હાલી શકતો ના હતો. જાણે એ તો એના મૃત્યુની રાહ જોતો હતો. એ સાપને જોઈ ડોશીમાને ખુબ દયા આવી , એ મનમાં બોલી " ડરીશ નહી. હું તને મારા ઘરે લઈ જઈ તારી દેખરેખ રાખીશ". આ પ્રમાણે વિચાર કરી સાપને પ્રેમથી એમના ઘરે લાવી..

ઘરનાં તાપમાનમાં સાપના શરીરમાં નવી ચેતના આવી. એ એનું શરીર હલાવી ચાલી શકતો હતો. એના શરીરમાં લોહીનું ભ્રમણ હતું એને અચાનક એક વાચા થઈ અને કહે ,

"માજી, તમારો ખુબ ખુબ આભાર !..આજે તમે મને એક નવી જીદંગી આપી" ડોશીમા કાંઈ બોલ્યા નહી. એતો વહેલા વહેલા એક વાટકીમા દૂધ લાવ્યા અને સાપને આપ્યું. સાપ તો ખુશીથી એ પી ગયો. હવે સાપના શરીરમાં ફરી તાકાત હતી. ડોશીમા પણ હવે ખુશ હતા. સાપનું શરીર હવે ઠંડુ ન હતું, અને દૂધ પીધા પછી તો એનામાં તાકાત હતી. હવે એ તો મો ખોલી એની ફેણ બતાવી હલાવતો હતો. હવે એ એના અસલ સ્વરૂપમાં હતો. હવે તો એ ડોશીમાને કહેવા લાગ્યો " અરે,ઓ, ડોશી, મારે તો તને ડંસવું છે" આ સાંભળી ડોશીમાને જરા અચંબો થયો. એ એના મનમાં વિચારે છે કે "આ પ્રાણી તે કેવું ? એ મરવા પડ્યું હતું ત્યારે મે દયા કરી એને નવજીવન આપ્યું. હવે એના ઉપકારને બદલે મને જ સજા આપવા તૈયાર છે !"

આવા સમયે, ડોશીમાને કોઈકે કહેલા શબ્દો યાદ આવ્યા " આ દુનિયામાં બધા જ ભલા નથી..તમે સાવધાન રહેજો !". હવે, ડોશીમા બોલ્યા "જરૂર તું મને ડંખજે.પણ તે પહેલા તું પિંજરાની અંદર એક થાળી છે. તેમાંનું દૂધ પી જા અને પછી તું મને ડંખ મારજે" આ સાંભળી સાપને થયું કે "આ ડોશી તો જરા ચક્રમ છે. એને ખબર તો છે કે દૂધ તો મારો ખોરાક. એ જો હું પીશ તો મારામાં વધારે શક્તિ હશે , અને મારૂ ઝેર પણ જોરદાર હશે. ચાલો જેવી ડોશીની ઈચ્છા . હું એની ઈચ્છા પુરી કરી ડંખીશ અને મારી ઈચ્છા પણ એથી પુરી થશે અને ત્યારબાદ, હું એને ડંખીશ." એ તો બીજું કાંઈ વિચારવા વગર પિજંરા તરફ દોડી ગયો. ડોશીમાએ પિજંરાનું બારણું બંધ કરી દીધું. અંતે ડોશીમાએ સાપને કહ્યું" મારા હાથે તને જીવન દાન મળ્યું પણ તારી વૃત્તિ કારણે જ હવે તને આ મૃત્યુદંડ છે " સાપને એની ભુલ સમજાઈ.

૧ ડોશીમાંનો સ્વભાવ કેવો હતો ?

| |
|---|
| |
| |
| |
| |

૨ રસ્તા પર પડેલા સાપની હાલત કેવી હતી ?

| |
|---|
| |
| |
| |
| |

૩ પોતાના અસલ સ્વરૂપમાં આવ્યા પછી સાપે ડોશીમાને શું કહ્યું ?

| |
|---|
| |
| |
| |

૪ આ વાર્તા તમને શું શીખ આપે છે ?

| |
|---|
| |
| |
| |